ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ થવા જઈ રહ્યો છે ત્યારે પાદરાના અંબાજી મંદિરે તૈયારીઓ શરૂ




**પાદરા :** પાદરા વડું પંથક માં પવિત્ર ચૈત્રી નવરાત્રીનો પ્રારંભ ગુરુવાર થી થવા જઈ રહ્યો છે ત્યારે પાદરાના વિવિધ માતાજીના મંદિરો સુશોભિત કરી રોશની થી શણગારવામાં આવ્યા છે જે અંતર્ગત પાદરાના મોટા તળાવ પાસે આવેલ અંબાજી મંદિરના મહંત હેમેન્દ્રભાઈ જોશી, ટાવર રોડ પર આવેલ લીલાગીરી માતાજીના મહંત લાલજીભાઈ ભુવાજી, ગાયત્રી શક્તિપીઠ ગાયત્રી મંદિર ના મહંત હરિવદન મહેતા, જકાતનાકા પાસે ઉમિયા માતાજી મંદિર, પાદરા વડોદરા રોડ ઉપર આવેલ મહાકાળી મંદિર મહંત મેહુલભાઈ ભટ્ટ, પાદરા જીઇબી પાસે આવેલ વેરાઈમાતાજી, ફૂલબાગ માં આવેલ એકલસૂરી માતાજી નું મંદિર, ટાવર સામે આવેલ શિકોતર માતાજી, રબારી વાસ માં આવેલ મહોણી માતાજી, ઝંડા બજાર પાસે વાઘેશ્વરી માતા મંદિર મહંત રાજુભાઈ જોશી, બહુચર માતાજી, ઘયાજરોડ પર ચંચરી માતા સહિતના વિવિધ માતાજીના મંદિરમાં વહેલી સવારથી જ ઘટ્ટ સ્થાપના આરતી ભક્તો માટે માતાજીના સિંગાર દર્શન સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમનો આયોજન કરવામાં આવ્યું છે. ચૈત્રી નવરાત્રી અંતર્ગત પાદરાના વિવિધ માતાજીના મંદિરોમાં વહેલી સવારથી ભક્તો દર્શનાર્થે ઉમટી પડશે માઈ ભક્તોની ભારે ભીડ જામશે.

### સેનિટેશન અને પીવાના પાણીની સુવિધાઓથી શાળા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે




**પાદરા :** વડુ એમ.એન. વિદ્યાલય ખાતે સેનિટેશન અને પીવાના પાણીની સુવિધાઓથી શાળા ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે. ગ્રામીણ ગુજરાતમાં શૈક્ષણિક સુવિધાઓને મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે હાથ ધરાયેલા મહત્વપૂર્ણ CSR ઉપક્રમ અંતર્ગત Finolex Industries Limited (FIL) તથા તેની CSR સંસ્થા Mukul Madhav Foundation (MMF) દ્વારા પાદરા તાલુકાના વડુ ગામ ખાતે આવેલ એમ.એન. વિદ્યાલયમાં નવી સ્વચ્છતા સુવિધાઓ અને સુધારેલ પીવાના પાણીના વિસ્તારનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ધોરણ 9 થી 12 સુધીના આશરે 680 વિદ્યાર્થીઓને શિક્ષણ આપતી એમ.એન. વિદ્યાલય પાદરા ખાતે જરૂરીયાતને ધ્યાનમાં રાખીને FIL-MMF દ્વારા આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં વિદ્યાર્થીઓ માટે અલગ-અલગ સ્વચ્છ અને સુવિધાસભર ટોયલેટ બ્લોક્સનું નિર્માણ કરવામાં આવ્યું છે તેમજ પીવાના પાણીના વિસ્તારોનું સુધારણા અને આધુનિકીકરણ કરવામાં આવ્યું છે.

### તુલજા ભવાની માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રીની ૧૯ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન પૂજાઅર્ચના



**પાદરા :** પાદરાના રણુ ગામે આવેલ મા તુલજા ભવાની માતાજીના મંદિરે ચૈત્રી નવરાત્રી ની ૧૯ માર્ચ થી ૨૭ માર્ચ દરમિયાન પૂજાઅર્ચના મહા આરતી સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તેમજ આઠમ ના દિવસે તુલજા ભવાની માતાના યજ્ઞનું આયોજન મહંત કવિન્દ્રગીરીજી દ્વારા કરવામાં આવ્યું છે તદઉપરાંત તુલજા ભવાની માતાજીને ગાયકવાડી દાગીનાનો શણગાર પણ કરવામાં આવનાર હોવાનું મંદિર ના મહંત કવીન્દ્રગીરીજી જે જણાવ્યું હતું. વર્ષ દરમિયાન પાંચ નવરાત્રી આવતી હોય છે જેમાં શાકંભરી નવરાત્રી, માગી નવરાત્રી, માગી ગુપ્ત નવરાત્રી, અષાઢી ગુપ્ત નવરાત્રી, ચૈત્રી નવરાત્રી અને આસો શારદીય નવરાત્રી ની ઉજવણી કરવામાં આવે છે જેમાં ચૈત્રી નવરાત્રી નું અનેરું મહત્વ છે. પાદરાના રણુ તુલજા ભવાની માતાજીના મંદિરમાં ૧૯ માર્ચ થી શરૂ થનારી ચૈત્રી નવરાત્રી નો પ્રારંભ થશે નવરાત્રીમાં સવારે ૭ કલાકે ઘટ્ટ સ્થાપન કરવામાં આવશે અને ૨૬ માર્ચ ના રોજ દુર્ગાષ્ટમી હવન થશે.

### જાંબુઆના સીમલીયા ગામ ખાતે પોર્ટેબલ એક્ષ-રે દ્વારા ટીબી તપાસ કેમ્પ યોજાયો



**બોડેલી :** દાહોદ જિલ્લા ના ગરબાડા તાલુકાના જાંબુઆ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સીમલીયા ગામ ખાતે ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત પોર્ટેબલ એક્ષ-રે મશીન દ્વારા ટીબી તપાસ માટે વિશેષ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. વનરેબલ પોપ્યુલેશન ટીબી સર્વે અંતર્ગત કુલ 205 ટીબીના જોખમ ધરાવતા શંકાસ્પદ લાભાર્થીઓનું પોર્ટેબલ એક્ષ-રે મશીન દ્વારા સ્ક્રીનિંગ કરવામાં આવ્યું. જેમાં એક્ષ-રેમાં એબ્નોર્મલ પરિણામ આવનાર લાભાર્થીઓની આગળની NAAT તપાસ કરવામાં આવશે અને જરૂરી હોય ત્યાંથી તરત સારવાર શરૂ કરવામાં આવશે. જ્યારે એક્સ-રે નેગેટિવ આવનાર તમામ લાભાર્થીઓનું CY TB ટેસ્ટ કરવામાં આવી ચોક્કસ નિદાન સુનિશ્ચિત કરવામાં આવશે.

### રમજાન ઈદ અને રામ નવમીને લઈ પાદરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ



**પાદરા :** આગામી રમજાન ઈદ તેમજ રામ નવમી જેવા મહત્વના તહેવારોને ધ્યાનમાં રાખીને પાદરા શહેરમાં શાંતિ અને સૌહાર્દનું વાતાવરણ જળવાઈ રહે તે હેતુસર આજરોજ પાદરા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. યોજાયેલી આ બેઠકમાં પાદરા પી.આઈ. વિજય ચારણ ની અધ્યક્ષતા માં યોજાઈ હતી. બેઠક દરમિયાન બંને તહેવારો શાંતિપૂર્ણ રીતે ઉજવાય અને કોઈપણ પ્રકારની અણબનાવની સ્થિતિ ઊભી ન થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. પી.આઈ.ચારણ, પી.એસ.આઈ દ્વારા હાજર આગેવાનોને તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ તંત્રને સહયોગ આપવા અપીલ કરી હતી. સાથે સાથે તહેવારો દરમિયાન કોઈપણ પ્રકારની અફવા કે ગેરસમજ ફેલાય તો તેની તરત જ જાણ પોલીસને કરવા પણ જણાવ્યું હતું. પોલીસ તંત્ર દ્વારા તહેવારો દરમિયાન શોભાયાત્રા, ધાર્મિક કાર્યક્રમો તેમજ ભીડવાળા વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવામાં આવશે તેવી માહિતી પણ આપવામાં આવી હતી.

---

**ઘરેલું ગેસનો વેપારી ઉપયોગ ઝડપાયો: પુરવઠા તંત્રની કડક કાર્યવાહી**

# ડભોઈમાં 'લાલાભાઈ ભજીયાવાળા' પર દરોડો, 4 ગેસ સિલિન્ડર જપ્ત

**સ્થળ પરથી** એચપી અને ઈન્ડેન કંપનીના કુલ 4 સિલિન્ડર મળી આવ્યા






(પ્રતિનિધિ) ડભોઈ, તા.17
વડોદરા જિલ્લાના ડભોઈ ખાતે ઘરેલું રાંધણ ગેસ સિલિન્ડરનો વ્યાપારી હેતુ માટે દુરુપયોગ કરતા એકમ સામે પુરવઠા તંત્રે કાર્યવાહી કરી છે. તા. 16 માર્ચ 2026ના રોજ ડભોઈ મામલતદાર કચેરીની ટીમ દ્વારા જકાતનાકા નજીક આવેલી 'લાલાભાઈ ભજીયાવાળા' દુકાનમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન દુકાનદાર રાજકુમાર કનોજીયા દ્વારા ઘરેલું ગેસ સિલિન્ડરનો વેપારી ઉપયોગ કરવામાં આવતો હોવાનું બહાર આવ્યું હતું. ટીમે સ્થળ પરથી એચપી અને ઈન્ડેન કંપનીના કુલ 4 સિલિન્ડર મળી આવ્યા, જેમાં એક ભરેલો અને ત્રણ ખાલી હતા.

તપાસ અધિકારીઓએ તમામ સિલિન્ડરોને સીઝ કરીને સરકારી કબજામાં લીધા છે. આ જથ્થો નિયત એલપીજી એજન્સી અક્ષરધામ ઈન્ડેન ગ્રામીણ વિતરક, ભંડાળાને સુરક્ષિત રાખવા સોંપવામાં આવ્યો છે. પુરવઠા તંત્રે ફરી સ્પષ્ટ કર્યું છે કે ઘરેલું ગેસનો કોમર્શિયલ ઉપયોગ કાયદેસર ગુનો છે અને આવનારા સમયમાં આવા તત્વો સામે કડક કાર્યવાહી ચાલુ રહેશે.

### શિનોર તાલુકામાં કોમર્શિયલ ગેસની અછત દિવસેને દિવસે ગંભીર બનતી જઈ રહી છે



**શિનોર :** વૈશ્વિક પરિસ્થિતિઓ વચ્ચે કોમર્શિયલ ગેસની અછત ઊભી થતા શિનોર તાલુકાના સાધલી ગામમાં નાના વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. ચા અને જલેબી બનાવી પોતાનું ગુજરાન ચલાવતા પરિવારોને હવે ગેસ મળતો નથી, જેના કારણે તેઓ મોંઘા ભાવે લાકડા ખરીદી કરીને આગ સળગાવી કામ ચલાવવા મજબૂર બન્યા છે. લાકડાની આગ પર કામ કરવું વધુ મહેનતભર્યું અને સમયખાઉ બની ગયું છે, છતાં રોજિંદા જીવનનિર્વાહ માટે તેઓ આ પરિસ્થિતિમાં પણ સંઘર્ષ કરી રહ્યા છે. આ રીતે, ચા અને જલેબીની મીઠાશ સાથે હવે સંઘર્ષનો કડવો સ્વાદ પણ ઉમેરાયો છે...

---

**નાનું મકાન, જોખમી રસોડું અને ગેસ લીકેજનો ભય**

# શિનોરમાંઆંગણવાડીકેન્દ્રજોખમમાં:બાળકોના જીવન સાથે રમાતું બેદરકારીનું રમખાણ!

**એક જ** પ્રવેશ માર્ગથી વધ્યું જોખમ, તાત્કાલિક સ્થળાંતરની માંગ



(પ્રતિનિધિ) શિનોર, તા.17
વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના મોટા ફોફળિયા ગામે વોટર વર્ક્સ અને બાંગ્લાદેશ વિસ્તારમાં સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) હેઠળ ચાલતું આંગણવાડી કેન્દ્ર હાલ અત્યંત અસુરક્ષિત અને આરોગ્યપ્રદ ન હોવાના કારણે ગ્રામજનોમાં ભારે ચિંતા ફેલાઈ છે.

ગ્રામજનોના જણાવ્યા મુજબ આંગણવાડીનું મકાન બાળકોની સંખ્યાની સરખામણીએ ખૂબ નાનું છે. ખાસ કરીને રસોડું અને સ્ટોર રૂમ એક જ જગ્યાએ હોવાના કારણે ગેસ લીકેજ જેવી ગંભીર દુર્ઘટનાની શક્યતા ઊભી થઈ છે, જેનાથી સેવિકા, સહાયક અને નાના બાળકોના જીવને મોટું જોખમ છે.

આંગણવાડી મકાનમાં પ્રવેશ માટે માત્ર એક જ દરવાજો હોવાથી કોઈ અનિચ્છનીય ઘટના બને તો બાળકોને સલામત રીતે બહાર કાઢવામાં મુશ્કેલી સર્જાઈ શકે છે. ગ્રામજનોનું માનવું છે કે હાલની પરિસ્થિતિમાં આ મકાનનો ઉપયોગ કરવો યોગ્ય નથી. તેથી તેઓએ આંગણવાડી કેન્દ્રને તાત્કાલિક બંધ કરીને તેને ગામની પ્રાથમિક શાળાના કેમ્પસમાં સ્થળાંતર કરવાની માંગ કરી છે, જ્યાં સુરક્ષિત અને વિશાળ નવું મકાન તૈયાર કરી શકાય.

આ મુદ્દે ગ્રામજનો દ્વારા ગ્રામ પંચાયતથી લઈ જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી, ધારાસભ્ય તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ સુધી લેખિત રજૂઆત કરી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

---

**ખેડૂતો દ્વારા રાજ્યના કૃષિ મંત્રીને રજૂઆત**

# APMC અધ્યક્ષને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક મકાઈ ખરીદી શરૂ કરવાની માંગ

**માંગણી** સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન કરાશે



(પ્રતિનિધિ) પાદરા, તા.17
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી પંથકમાં આ વર્ષે મકાઈનો મબલખ પાક થયો છે, પરંતુ યોગ્ય ભાવના અભાવે ખેડૂતો ફરી મુશ્કેલીમાં મુકાયા છે. સરકાર દ્વારા ટેકાના ભાવ જાહેર કરવામાં આવ્યા હોવા છતાં બોડેલી APMC ખાતે હજી સુધી સરકારી ખરીદી શરૂ કરવામાં આવી નથી.

ખેડૂતો દ્વારા રાજ્યના કૃષિ મંત્રી તેમજ APMC અધ્યક્ષને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક ખરીદી શરૂ કરવાની માંગ કરવામાં આવી છે. જો ખેડૂતોની માંગણી સ્વીકારવામાં નહીં આવે તો ઉગ્ર આંદોલન અને રસ્તા પર ઉતરી વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ આપવામાં આવી છે.

છોટાઉદેપુર જિલ્લાના કૃષિ આધારિત વિસ્તાર તરીકે ઓળખાતા બોડેલી પંથકમાં આ વર્ષે અનુકૂળ હવામાન અને ખેડૂતોની મહેનતના કારણે મકાઈનો સારો અને મબલખ પાક થયો છે. સામાન્ય રીતે સારા ઉત્પાદનથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળતો હોય છે, પરંતુ આ વખતે સ્થિતિ વિપરીત છે.

### પાદરા જંબુસર હાઈવે પર મહુવડ - નવાપુરા પાસે અકસ્માત

**પાદરા :** પાદરા-જંબુસર હાઈવે ઉપર મહુવડ ગામ નજીક ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સામે અકસ્માતનો બનાવ બન્યો હતો જેમાં પિતા અને પુત્ર ગંભીર રીતે ઘાયલ થયા હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. મળતી માહિતી મુજબ ગત રોજ સાંજે ચિરાગભાઈ ગણપતભાઈ સોમાભાઈ ગોહિલ (ઉ.વ.૩૪, રહે. કપૂરાઈ નવીનગરી, તા. જંબુસર, જી.ભરૂચ) પોતાના દીકરા પિયુષભાઈ ચિરાગભાઈ ગોહિલ (ઉ.વ.૧૨) સાથે બારેજા અમદાવાદ ખાતે મેલડી માતાના દર્શન કરવા મોટરસાઈકલ ઉપર જઈ રહ્યા હતા. તે દરમિયાન પાદરા-જંબુસર હાઈવે પર મહુવડ ગામ નવાપુરા નજીક ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપ સામે પહોંચતા એક અજાણ્યા ટ્રક ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા તેમની હોન્ડા મોટરસાઈકલ ને પાછળના ભાગે ટક્કર મારી હતી.

---

**સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય**

# વાઘોડિયામાં સામાન્ય પરિવારની દીકરી જજ બની, સિંધી સમાજનું ગૌરવ

**કોર્ટ** પેરિસરમાં જજની ગાડી જોતા જજ બનવાનું સપનું જોયું



(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.17
નગરના લોકેશ્વર સોસાયટીમાં રહેતા નાનકડા સિંધી પરિવારની દીકરી સંઘર્ષ અને અથાગ પરિશ્રમ કરી જજ બનતા સમગ્ર વાઘોડિયા અને સિંધી સમાજનું ગૌરવ વધાર્યું છે. સફળતા તેંને જઈ વરે, જે પરસેવે નાહ્ય આ પંક્તિ ને સાર્થક કરી છે.સિંધી પરિવારમાં ઉછરેલી કિરણબેન હરેશભાઈ જસવાની(૩૨)એ પોતાના સંઘર્ષમય જીવનમાં પોતાના સપનાને સાકાર કરવા માટે તનતોડ મહેનત કરીને સિદ્ધિ ને હાંસલ કરી છે.

માતા પિતાનો પ્રાઈમરી સુધીનો અભ્યાસ છે બહેન શિક્ષિકા અને ભાઈ બીકોમ કરી, પિતાના નાનકડા વ્યવસાયમાં મદદ કરે છે. ડૉ. એન.જી શાહ સાર્વજનિક હાઈસ્કૂલ, વાઘોડિયામાં હાયર સેકન્ડરી સુધી અભ્યાસ કરી પરિવારે દીકરીને આગળ અભ્યાસ કરાવવા અસમર્થતા જાહેર કરતા, ભાઈએ બહેનનો પક્ષ લઈ પરિવારથી ઉપરવટ જઈ વધુ અભ્યાસ માટે એન.સી ઝવેરી કોલેજ,પીપળીયા (ગુજરાત યુનિવર્સિટી)માં B.A અને ત્યાર બાદ આણંદ સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી LLB અને LLM સુધીનો અભ્યાસ કરાવ્યો હતો.વર્ષ 2017 થી વડોદરા ડિસ્ટ્રિક્ટ કોર્ટમાં સનત મળ્યા બાદ કિરણબેન જસવાનીએ વકીલાતની પ્રેક્ટિસ ચાલુ કરી હતી. પાર્કિંગમાં એકી ટસે જજ નીગાડીઓ નિહાળી ક્યારેક સિવિલ જજ ના બોર્ડ વાડી ગાડી મેળવવાનું મનોમન નક્કી કર્યું.

---

**આમ પણ છોટાઉદેપુર પાલિકામાં પક્ષ વિપક્ષ જેવું તો કંઇજ નથી!**

# છોટાઉદેપુર નગરપાલિકાના રાજકારણમાં ભારે ભૂકંપ અને ભાજપના સભ્યો માટે નાલેશી ભરી સ્થિતિ

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17
સોમવાર ને તારીખ 16 માર્ચ ના છોટાઉદેપુર નગરપાલિકા માં સામાન્ય સભા નું આયોજન થયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે છોટાઉદેપુર પાલિકા માં ભાજપ નું શાસન છે. પ્રમુખ ભાજપ ના છે. કારોબારી સહિત અન્ય મહત્વ ની સમિતિઓ પણ ભાજપ પાસે છે.પરંતુ આ સામાન્ય સભા ભાજપ ના સભ્યો માટે શરમજનક બની રહી હતી. પાલિકા ભાજપ ના પ્રમુખ તેમજ અન્ય સભ્યો કેવળ મૂકદર્શક બની રહ્યાં હતા કંઈજ કરી શક્યા ન હતા.

સૂત્રો થી પ્રાપ્ત માહિતી મુજબ જાણવા મળે છે કે ભાજપ પાસે માત્ર આઠ જ સભ્યો અને બાકી વિરોધી વિચારધારા ના પક્ષો ના સભ્યો ની મદદ થી પાલિકા નું બોર્ડ અસ્તિત્વ માં છે તે ભાજપ ભૂલી ગયું! "કહી કી ઈંટ, કહીંકા રોડા, ભાનુમતી ને કુનબા જોડા" આ પ્રકારે ભાજપ નું બોર્ડ બન્યું છે. સત્તા સુખ માટે કજોડાં જેવા જોડાણ માં જોડાનારા વિરોધી વિચારધારા ના સભ્યો ભાજપ ની નીતિરીતિ મુજબ ચાલે તે શક્ય નથી.

આમ પણ છોટાઉદેપુર પાલિકા માં પક્ષ વિપક્ષ જેવું તો કંઈજ નથી! તમામ સભ્યો ને સત્તા સુખ અને સત્તા માં ભાગીદારી જોઈએ છે. સત્તા ની જોડ તોડ માં માહેર સ્થાનિક ભાજપ ના નેતા દૂધ અને દહીં બંને માં પગ રાખી સંગઠન ને પણ સાઈડ માં રાખી ને કાર્ય કરે છે.જયારે બોર્ડ બનાવવા માં આવ્યું ત્યારે બોર્ડ માં સામેલ મોટાભાગ ના કોર્પોરેટરો એ ભાજપ નો ખેસ ધારણ કર્યો હતો તો જેના ફોટા પણ ઉપલબ્ધ છે તો પછી પક્ષ માં જ જૂથવાદ કરી ને સંગઠન ને પ્રભાવિત કરવાનો પ્રયાસ કોણ કરે છે તેની તપાસ પક્ષ દ્વારા થવી જોઈએ એવું કેટલાક કોર્પોરેટરો નું માનવું છે.

---

### દશરથથી દુમાડ ચોકડી વચ્ચે હાઈવે પર સમારકામ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 17
નેશનલ હાઈવે પર મુસાફરી કરતા વાહનચાલકો માટે મહત્વપૂર્ણ સૂચના જાહેર કરવામાં આવી છે. દશરથથી દુમાડ ચોકડી વચ્ચે હાઈવે પર સમારકામનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આ કામ દરમ્યાન મુખ્ય હાઈવે પર વાહન વ્યવહાર આંશિક રીતે અસરગ્રસ્ત રહેશે. મુખ્ય હાઈવે પર કામગીરી ચાલુ હોવાથી તમામ નાના અને મોટા વાહનોએ ફરજિયાતપણે સર્વિસ રોડનો ઉપયોગ કરવાની રહેશે. ડાયવર્ઝન તથા સર્વિસ રોડ પર ટ્રાફિકનું ભારણ વધી શકે છે, તેથી વાહનચાલકોને ધીમી ગતિએ અને સાવચેતીપૂર્વક વાહન હંકાવવાની અપીલ કરવામાં આવી છે. આ સમારકામનું કામ આગામી તા. 20 થી 25 દરમિયાન ચાલુ રહેશે. માર્ગ પર કામ કરતા શ્રમિકો તથા અન્ય વાહનચાલકોની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ટ્રાફિક નિયમોનું પાલન કરવું અનિવાર્ય રહેશે.

---

**છોટાઉદેપુરના ક્વાંટમાં 'મેગા પ્લેસમેન્ટ કેમ્પ'નો દબદબો:**

# 333 વિદ્યાર્થીઓને સ્થળ પર જ મળ્યા નિમણૂક પત્રો

**રાજ્ય** સરકારના રોજગારલક્ષી અભિગમ હેઠળ ૫૨૬ ઇન્ટરવ્યુ લેવામાં આવ્યા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.17
ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રસચિવના માર્ગદર્શન હેઠળ, રાજ્યની સરકારી અને અનુદાનિત કૉલેજોના અંતિમ વર્ષના વિદ્યાર્થીઓને પગભર બનાવવાના ઉમદા હેતુથી સમગ્ર રાજ્યમાં જિલ્લાવાર પ્લેસમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ કડીના ભાગરૂપે, છોટાઉદેપુર જિલ્લાના ઝોન-૩ - નોડ-૪ હેઠળ સરકારી વિનયન કૉલેજ, ક્વાંટ ખાતે તારીખ ૧૨/૦૩/૨૦૨૬ના રોજ ભવ્ય 'મેગા પ્લેસમેન્ટ કેમ્પ' યોજાયો હતો.

રાજ્ય સરકાર દ્વારા શિક્ષણની સાથે રોજગાર પૂરો પાડવાના આ નવતર અભિગમની વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વ્યાપક પ્રશંસા થઈ રહી છે. ખાસ કરીને છોટાઉદેપુર જેવા આદિવાસી બહુલ વિસ્તારના યુવાનોને ઘરઆંગણે જ રોજગારીની ઉત્તમ તકો પૂરી પાડીને સરકારે તેમની કારકિર્દીને નવી દિશા આપી છે.

આ મેગા પ્લેસમેન્ટ કેમ્પમાં કુલ ૦૫ પ્રતિષ્ઠિત કંપનીઓએ ભાગ લીધો હતો, જેમાં કેરવેલ ક્રોપ સાયન્સ-ગોધર, યુવા શક્તિ ફાઉન્ડેશન-વડોદરા, ADS ફાઉન્ડેશન, પ્રથમ એજ્યુકેશન ફાઉન્ડેશન, સુપર શૉટ ફસલિટીનો સમાવેશ થાય છે.

આ કેમ્પમાં વિવિધ ૦૮ કૉલેજોના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઈન્ટરવ્યુની પ્રક્રિયા ઓનલાઈન, ટેલિફોનિક અને રૂબરૂ એમ ત્રણેય માધ્યમથી કરવામાં આવી હતી. જેમાં કુલ ૫૨૬વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા.

---

# ડભોઈમા પનીર, માવાના ભેળસેળ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં !!



(પ્રતિનિધિ) ડભોઈ, તા.17
ડભોઈ શહેર તાલુકા મા છેલ્લા ઘણાય સમય થી દુધ અને દુધ ની બનાવટો માવો અને મીઠાઈ ઓ ના ભેળસેળ ની અનેક ફરીયાદો ઉઠવા પામી છે. ડભોઈ મા છેલ્લા ઘણાય સમય થી દુધ નો વેપલો બેફામ બન્યો છે. કહે છે ડભોઈ તાલુકા માંથી દુધ અને દુધ ની બનાવટ જેમકે માવો, પનીર નો જથ્થો વડોદરા શહેરમાં ઠલવાઈ રહ્યો છે. લોકો ના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનાર ઓ ને જાણે મોકળુ મેદાન મળી ગયું હોય એમ લાગે છે ડભોઈ ના કેટલાય ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે અને મોડી રાત્રે દુધ માંથી માવો બનાવવા ની ભઠ્ઠી ઓ ધમધમે છે.

વગદાર સુત્રો માંથી જાણવા મળ્યાં મુજબ દુધ ના સેમ્પલ માટે એક લીટર દુધ માંથી ૨૫૦ ગ્રામ માવો તો એ દુધ ને ૫૦ લીટર પ્રમાણે ચુકવવામા આવે છે. જયારે ડેરી માં દુધ ના ફેટ પર નાણાં ચુકવાય છે જે ૬૫ થી ૭૦ કરતાં પણ વધારે પડતા હોવાનુ જાણવા મળ્યું છે. ડભોઈ તાલુકા માં માવા ની ભઠ્ઠી વાળા એ વ્યવસાય વેરો ભરવા નો હોય છે જે ભરવા માં નથી આવતો એ સાથે સાથે માવા વાળા ઉભા લીલા છમ્મ વૃક્ષો નુ પણ નિકંદન કાઢતાં હોય છે. જયાં વન વિભાગ પણ મૌન જોવા મળે છે ડભોઈ શહેર તાલુકા મા પ્રજા ના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતાં દુધ અને દુધની બનાવટ પર અંકુશ લાવવા ની જવાબદારી કોની ?!